| | |
|---|---|
| અરજી સ્વીકાર્યા તારીખ | ૦૧/૦૧/૨૦૨૫ |
| અરજી નોંધ્યા તારીખ | ૦૧/૦૧/૨૦૨૫ |
| અરજી નિકાલ કર્યા તારીખ | ૦૭/૦૪/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ– માસ– દિન<br>૦૧– ૦૩– ૦૬ |

**જામનગરના શ્રમઅદાલતના પ્રિસાઈડીંગ ઓફીસરશ્રીની કોર્ટમાં,**

**મું.જામનગર.**

**રીકવરી ૩૩(સી)(૨) નં. ૨/૨૦૨૫**

**આંક : ૧૧**

અરજદાર : શૈલેષભાઈ પી. રાઠોડ,
જય પ્રકાશ એપાર્ટમેન્ટ, ફ્લેટ નં.૧૧,
૩જો માળ, કચેરી ફળી, આણદાબાવાનો ચકલો,
જી.જામનગર.
C/O. મજૂર સેવા સંઘ, ૨૮, મનુ માર્કેટ, જામનગર.

**વિરુધ્ધ**

સામાવાળા : વ્યવસ્થાપકશ્રી,
જૈન એગ્રીફુડ એલ.એલ.પી.,
૮મો માળ, ગુરૂધ્વારા સામે,
એસ.જી.હાઈવે, થલતેજ, અમદાવાદ.

**<u>વિષય: આઈ.ડી.એકટની કલમ :૩૩ (સી)(૨) મુજબ વસુલાત અરજી.</u>**

| | | |
|---|---|---|
| અરજદાર તર્ફે | : | વિ.વકીલ શ્રી પી.આર.જોષી |
| સામાવાળા તર્ફે | : | એક તરફી |

## –:: હુ ક મ ::–

(૧) આ કામના અરજદારે હાલની અરજી ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૩૩(સી)(૧) ના પ્રબંધો હેઠળ કરેલી છે. અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદાર સામાવાળામાં તા.૧૦/૦૪/૨૦૨૪ ના ઓફર લેટરથી સેલ્સ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા અને મૌખિક હુકમથી અને ઔદ્યોગિક ધારા–૧૯૪૭ ની કલમ–૨૫–૧ ની કલમનો ભંગ કરી નોકરીમાંથી છુટા કરેલ છે. તેથી સામાવાળા દ્વારા અરજદાર ને તે દરમ્યાનની નવેમ્બર –૨૦૨૪ નો પગાર રૂા.૧૬,૬૬૭/– ચુકવેલ નથી. તેમજ ઓકટોબર–૨૦૨૪ ના માસનો એકસ્પેન્ડ તથા ડી.એ.એલાઉન્સની રકમ રૂા.૪,૬૦૦/– ચુકવેલ નથી. તેમજ સને ૨૦૨૪–૨૫ ના વર્ષનું–૮ માસનું ઓફર લેટરમાં નકકી થયા અનુસારનું બોનસની રકમ રૂા.૧૩,૭૬૯/– ચુકવેલ નથી. એમ મળી કુલ રૂા.૩૫,૦૩૬/– તથા ખર્ચની રકમ રૂા.૫૦૦૦/– ચુકવવા હાલની અરજી કરેલ છે.

આમ આ કામના સામાવાળા દ્વારા ઉપરોકત જણાવેલ અમોની સર્વિસ અનુસંધાને નીકળતી રકમ ચુકવી આપવા માટે તા.૨૫/૧૨/૨૦૨૪ ના રોજ રજી.એડી.થી પત્ર લખેલ જે સામાવાળાને મળી ગયેલ તેમ છતાં સામાવાળાએ તે રકમ ચુકવેલ નથી. સામાવાળાનું કુત્ય ગેરવ્યાજબી, ગેરકાનુની અને કુદરતી ન્યાયના સિધ્ધાંતનું વિરૂધ્ધનું છે. આથી આવા સંજોગોમાં આ વસુલાત અરજી આપ નામદાર સમક્ષ રજુ કરેલ છે. જે કાયદા અને નિયમ અનુસારની રકમ નકકી કરીઆપવા તેમજ આ કામના માંગેલ ખર્ચ અને આપ નામદારને યોગ્ય લાગે તે દાદ આપવા અમો અરજદારની નમ્ર અરજ છે.

(૨) આ કામે સામાવાળાને આંક ૩ થી નોટીસ કરવામાં આવતાં જે સામાવાળાને નોટીસ બજવા છતાં સામાવાળા તરફે જાતે કે એડવોકેટ મારફતે હાજર રહેલ નથી. સામાવાળા તરફે અરજદારની અરજીનો જવાબ રજૂ થયેલ નથી. તેથી આ કામે અરજદારના પ્રતિનિધિ ધ્વારા આંક–૫ થી જવાબનો હકક બંધ કરવા અરજી કરેલ નામદાર કોર્ટ ધ્વારા સદર અરજી મંજુર કરી સામાવાળાના જવાબનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) આ કામે અરજદાર તરફે આંક ૭ થી અરજદાર સરતપાસનું સોગંદનામું તથા આંક ૨ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી અરજદારે સામાવાળાને ન ચુકવાયેલ પગારની રકમ અંગેનો પત્ર તથા સામાવાળાને મોકલેલ રજી. એડી.ની પે સ્લીપ તથા આંક–૬ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી ઓફર લેટર, પગારની વિગતો, અરજદારને ચુકવેલ પગારનું એસ.બી.આઈ. બેંકનું ટ્રાન્ઝેકશન, એન.ઓ.સી.આપવા અંગેના પત્રો તથા ડિસેમ્બર–૨૦૨૪ માસ ની જમા કરાવેલ એસ.બી.આઈ. બેંકનું ટ્રાન્ઝેકશનની નકલ રજુ કરી ત્યારબાદ આંક–૮ ની કલોઝીંગ પુરશીસ આપેલ છે.

(૪) આ કામ સામાવાળા શરૂઆતથી જ સતત ગેરહાજર રહેતા હોય તેથી અરજદાર તરફે આંક–૯ થી સામાવાળાનો પુરાવાનો હકક બંધ કરવા અંગેની અરજી કરતા સદર અરજી મંજુર કરી સામાવાળાનો પુરાવાનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૫) આ કામે અરજદાર પક્ષની દલીલ સાંભળી, જેની આગળ જરૂર મુજબ ચર્ચા કરવામાં આવેલ છે. ત્યારબાદ સામાવાળા સતત ગેરહાજર રહેતા હોય તેથી અરજદારના પ્રતિનિધિની આંક–૧૦ થી અરજી સામાવાળાનો દલીલનો હકક બંધ કરવા અરજી કરતા સદર અરજી મંજુર કરી સામાવાળાનો દલીલનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૬) અત્રેની અરજીની ઉપરોકત હકીકતો ધ્યાને લેતા અત્રેની અરજીના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

**૧.** શું અરજદાર આ અરજીના પરિશિષ્ટમાં જણાવેલ રકમ રૂા.૩૫,૦૩૬/- તથા ખર્ચ ની રકમ રૂા.૫૦૦૦/- સામાવાળા સંસ્થા પાસેથી વસુલ મેળવવા હકકદાર છે ?

**૨.** શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય તથા તેના કારણો નીચે મુજબ છે.

**૧.** હકારમાં

**૨.** આખરી હુકમ મુજબ

## -:: કા ર ણો ::-

## મુદ્દા નં. ૧ :-

(૮) આ કામના અરજદારે હાલની અરજી ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ ૩૩ સી(૨) હેઠળ દાખલ કરેલ છે અને અરજીની દાદ મુજબની રકમ સામાવાળા પાસેથી મેળવવા માંગણી કરેલ છે.

સૌપ્રથમ આ ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ-૩૩ સી (૨) જોઈએ તો,

**૩૩ સી માલિક પાસે લેણી રકમની વસુલાત : -**

(૧) કોઈ પતાવટ અથવા ચુકાદા હેઠળ અથવા પ્રકરણ ૫-ક અથવા પ્રકરણ ૫-ખ ની જોગવાઈઓ હેઠળ કોઈ માલિક પાસે કોઈ કામદાર ની કોઈ લેણી રકમ નિકળતી હોય ત્યારે તે કામદાર જાતે અથવા તેણે આ માટે લેખીત રીતે અધિકૃત કરેલી કોઈ બીજી વ્યકિત અથવા તે કામદાર મૃત્યુ પામ્યો હોય તો તેની એસાઈની અથવા તેના વારસો,

વસુલાતની બીજી કોઈ પધ્ધતિને બાધ આવ્યા વગર, પોતાની લેણી રકમની વસુલાત માટે સમુચિત સરકારને અરજી કરી શકશે અને સમુચિત સરકારને ખાતરી થાય કે, કોઈ રકમ એ રીતે લેણી છે તો સરકારે તે રકમ માટેનું પ્રમાણ પત્ર કલેકટર જોગ કાઢી આપશે અને કલેકટરે તે રકમ જમીન મહેસુલની બાકી હોય તે રીતે વસુલ કરવાની કાર્યવાહી કરવી જોઈશે.

પરંતુ એવી દરેક અરજી જે તારીખે કામદારની રકમ માલિક પાસે લેણી થાય તે તારીખથી એક વર્ષની અંદર કરવી જોઈશે. વધુમાં સમુચિત સરકારને ખાતરી થાય કે, અરજદારને સદરહું મુદતની અંદર અરજી ન કરવા માટે પુરતું કારણ હતું તો એક વર્ષની સદરહુ મુદત પુરી થયા પછી એવી અરજી સ્વીકારી શકાશે.

(૨) કોઈ કામદાર માલિક પાસેથી કોઈ રકમ અથવા નાણામાં ગણતરી કરી શકાય તેવા કોઈ લાભ મેળવવા હકકદાર હોય ત્યારે લેણી રકમ અંગે અથવા ગણતરી કરતાં થતી એવા લાભની રકમ અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે પ્રશ્નનો નિર્ણય સમુચિત સરકાર આ માટે નિર્દિષ્ટ કરે તો મજુર કોર્ટે આ અધિનિયમ હેઠળ કરવામાં આવે તે નિયમને આધિન રહીને ત્રણ મહિના કરતા વધુ ન હોય તેટલી મુદતની અંદર કરી શકશે. પરંતુ મજુર કોર્ટના પ્રમુખ અધિકારી તેમ કરવું જરૂરી અને ઈષ્ટ ગણે ત્યારે તે લેખીત કારણોની નોંધ કરીને પોતે યોગ્ય ગણે તેટલી વધુ મુદત સુધી આવી મુદત લંબાવી શકશે.

(૩) કોઈ લાભનું નાણામાં મુલ્ય નકકી કરવા મજુર કોર્ટ પોતાને યોગ્ય લાગે તો કમિશ્નર નીમી શકશે, જેમણે જરૂરી હોય એવો પુરાવો લીધા પછી મજુર કોર્ટને રીપોર્ટ સાદર કરવો જોઈશે અને મજુર કોર્ટ કમિશ્નરનો રીપોર્ટ અને કેસના બીજા સંજોગોની વિગતોની વિચારણા

કર્યા પછી તે રકમ નકકી કરવી જોઈએ.

(૪) મજુર કોર્ટે પોતાનો નિર્ણય સમુચિત સરકારને મોકલવો જોઈશે જે મજુર કોર્ટ લેણી ઠરાવેલી રકમ પેટા કલમ–૧ માં જોગવાઈ કરેલી રીતે વસુલ કરી શકશે.

(૫) એક જ માલિક હેઠળ કામે રાખેલા કામદારો તેની પાસેથી કઈ રકમ અથવા નાણાંમાં ગણતરી કરી શકાય એવો લાભ મેળવવા હકકદાર હોય ત્યારે આ માટે કરવામાં આવે તે નિયમોને આધિન રહીને ગમે તેટલા કામદારો વતી અથવા તેમના સંબંધમાં લેણી રકમ મેળવવા માટે એક જ અરજી કરી શકશે.

(૯) આ કામના અરજદારે હાલની અરજી ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ ૩૩ સી(૨) હેઠળ દાખલ કરેલ છે. આ કલમમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, કોઈ કામદારની માલિક પાસે કોઈ રકમ અથવા નાણામાં ગણતરી કરી શકાય તેવી કોઈ રકમ મેળવવા હકકદાર થતા હોય તેનો અર્થ એ થાય કે અરજદારને કોઈ લેણી રકમ મેળવવા પ્રસ્થાપિત હકક કે અધિકાર હોવો જોઈએ. જયાં સુધી આ રીતે કોઈ પ્રસ્થાપિત હકક કે અધિકાર સાબિત ન કરે તો તેઓને ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ–૩૩ સી(૨) હેઠળ આવી અરજી કરવાનો હકક રહેતો નથી.

(૧૦) ઉપરોકત કાયદાની પૂર્વ ભુમિકા નજર સમક્ષ રાખીએ તો આ કાયદા હેઠળ અરજદાર સામાવાળા પાસેથી માંગે છે તે તેઓનો એવો અધિકાર છે જે સાબીત થયેલ છે અને તે આ કલમ હેઠળની ન્યાયીક કાર્યવાહીમાં સાબીત કરવાની જરૂરી નથી. આમ અરજદાર આ કલમ અંર્તગત દાદ મેળવવા માંગતા હોય તો તેનો સામાવાળા વિરૂઘ્ધ પ્રિએગ્ઝીસ્ટીંગ રાઈટ યાને પૂર્વવત અધીકાર હોવો જોઈએ. વધુમાં હક દાવો કરતા કામદાર જે લાભો મેળવવવા હકકદાર છે તે લાભ નાણામાં રૂપાંતરીત થઈ શકે તેવો હોવો જોઈએ.

(૧૧) અરજદારના વિ.વકીલશ્રીએ પોતાની દલીલમાં સામાવાળા સંસ્થાએ અરજીમાં જણાવેલ વિગતે અરજદારને કામ કરેલ બાકી પગારની રકમ ચુકવેલ ના હોય અને અરજદારે રજુ કરેલ અપોઈન્ટમેન્ટ લેટર તથા બેંકના ટ્રાન્ઝેકશનથી અરજદારનો પગાર નકકી થઈ જતો હોય અરજદારનો તફાવત પગાર નકકી કરી શકાય તેમ હોય અરજદારનો પ્રિએકઝીસ્ટીંગ રાઈટ ઉભો થયેલ હોવાની રજુઆત કરેલ છે. આ ઉપરાંત અરજદારે રેકર્ડ પર રજુ કરેલ તેના અપોઈન્ટમેન્ટ લેટર તથા અન્ય સંસ્થા પાસેથી મેળવેલ નો–ડયુ પ્રમાણપત્ર થી અરજદાર, સામાવાળાના કામદાર હોવાનું પુરવાર થાય છે.

(૧૨) આ કામે અરજદારના પુર્વવત અધિકારનો કાયદાનો મહત્વનો પ્રશ્ન ઉભો થયેલ હોય, અરજદારનો પુર્વવત અધિકાર છે કે કેમ તે પ્રથમ નકકી કરવુ અનિવાર્ય છે. આ કામે રેકર્ડ પરની હકીકત, કાયદાની જોગવાઈ તથા અરજદારની દલીલોને ધ્યાને લેતા અરજદારે હાલની અરજી કોઈપણ સમાધાન કે એવોર્ડ કે કોઈપણ કોર્ટના ચુકાદાને આધીન કરેલ નથી. પરંતુ અરજદારે રજુ કરેલ પુરાવા ધ્યાને લેતા અરજદારને સામાવાળાના કામદાર ઠરાવેલ છે. આ ઉપરાંત અરજદારે રજૂ કરેલ બેંક પાસબુકને ધ્યાને લેતા સામાવાળાએ અરજદાર ને ઓકટોબર–૨૦૨૪ માં અરજદારને રૂા.૨૩,૯૯૪/– પગાર ચૂકવેલ હોવાનું સ્પષ્ટપણે ફલીત થાય છે. સામાવાળા તરફે કોર્ટમાં હાજર રહીને અરજદાર તેઓના કામદાર ન હોવાનો કે તેઓનો કોઈ પગાર બાકીના હોવાનો બચાવ લેવામાં આવેલ નથી. અરજદારના નિમણૂંક પત્ર તથા બેંક ટ્રાન્ઝેકશનને આધારે અરજદારનો પગાર રૂા.૨૪,૮૦૦/– હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. સામાવાળાએ આ રકમ અરજદારને ચૂકવેલ હોય તેવું બેંક પાસબુક પરથી સ્પષ્ટપણે ફલીત થાય છે. તે સંજોગોમાં અરજદારનો પગાર માત્ર રૂા.૨૪,૮૦૦/– હોવાનું માની શકાય તેમ છે. આ ઉપરાંત અરજદારે રજૂ કરેલ બેંક સ્ટેટમેન્ટ ધ્યાને લેતા તેમાં પણ ડિસેમ્બર–૨૦૨૪ માં અરજદારને પગાર

પર નવેમ્બર ૨૦૨૪ નું ડી.એ. રૂા.૮૩૩૩/– ચુકવેલ હોય તેવુ જણાઈ આવે છે. આથી અરજદારે નવેમ્બર–૨૦૨૪ માં સામાવાળાને ત્યાં કામ કરેલ ન હોય અને તેના કારણે સામાવાળા સંસ્થાએ અરજદારને પગાર ચૂકવેલ ન હોય તેવી કોઈ હકીકતનું અનુમાન કરી શકાય તેમ નથી. વધુમાં આ કામે સામાવાળાને પોતાનો બચાવ રજુ કરવાની પુરતી તક મળેલ હોવા છતા તેઓને કોર્ટ સમક્ષ હાજર રહેવાની દરકાર લીધેલ નથી. આથી પણ અરજદારની રજુઆત મુજબની ગણતરી કરેલ રકમ ના માનવાને કોર્ટ પાસે કોઈ કારણ રહેતું નથી. આ કામે અરજદારના માસિક પગાર સંદર્ભે રેકર્ડ પરનો પુરાવો જોતા અરજદારનો માસિક પગાર રૂા.૨૪,૮૦૦/– હોવાનું અરજદારના એપોઈન્ટમેન્ટ લેટર પરથી સ્પષ્ટપણે ફલીત થાય છે. આ ઉપરાંત અરજદારે પોતાની અરજીમાં બોનસની રકમની માંગણી કરેલ છે. અરજદારના એપોઈન્ટમેન્ટ લેટરમાં બોનસની રકમ જણાવેલ છે. સામાન્ય રીતે જો કોઈ કામદાર સારી કામગીરી કરે તો માલિક તરફથી તેને બોનસ ચૂકવવામાં આવતું હોય છે. આ કિસ્સામાં આ કામના અરજદારે યોગ્ય કામગીરી કરેલ ન હોય તેવી તકરાર સામાવાળા તરફથી લેવામાં આવેલ નથી કે અરજદારની કામ બાબતે કોઈ ફરીયાદ હોય તેવી પણ કોઈ હકીકત રેકર્ડ પર આવતી નથી. આથી પણ અરજદાર તેના પગાર ઉપરાંત બોનસની રકમ મેળવવા હકકદાર હોવાનું માનવાને કારણ છે. આમ જયારે કાયદાના અર્થઘટન વિના સીધેસીધી કોઈ રકમની ગણતરી થઈ શકે તેમ હોય ત્યારે અરજદારનો પૂર્વવત અધિકાર હોવાનું કહી શકાય છે. આમ તમામ બાબતો ધ્યાને લેતા અરજદારના બાકી પગાર તથા ડી.એ. તથા બોનસની ગણતરી સીધેસીધી થઈ શકતી હોય તેટલા પુરતો અરજદારનો પૂર્વવત અધિકાર સાબિત થતો હોય આથી આ અરજી સાથે પરિશિષ્ટ ૧ થી રજુ કરેલ ગણતરી મુજબ અરજદાર નવેમ્બર–૨૦૨૪ ના પગારના રૂા.૧૬,૬૬૭/– તથા ઓકટોબર–૨૦૨૪ ના ડી.એ.ના રૂા.૪૬૦૦/– તથા સને ૨૦૨૪–૨૫

ના વર્ષના બોનસના રૂા.૧૩૭૬૯/– મળી કુલ રૂા.૩૫,૦૩૬/–ની રકમ મેળવવા હકકદાર થતા હોય મુદ્દા નંબર ૧ નો જવાબ અંશત: હકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

**૧.** અરજદારની હાલની રીકવરી અરજી નં.૦૨/૨૦૨૫ આથી મંજુર કરવામાં આવે છે.

**૨.** અરજદારને સામાવાળા સંસ્થા પાસેથી પરિશિષ્ટ ૧ થી રજુ કરેલ ગણતરી મુજબ અરજદાર નવેમ્બર–૨૦૨૪ ના બાકી પગારના રૂા. ૧૬,૬૬૭/– તથા ઓકટોબર–૨૦૨૪ ના ડી.એ.ના રૂા.૪૬૦૦/– તથા સને ૨૦૨૪–૨૫ ના વર્ષના બોનસના રૂા.૧૩૭૬૯/– મળી કુલ રૂા.૩૫,૦૩૬/–(અંકે રૂપિયા પાત્રીસ હજાર છત્રીસ પુરા) આજરોજ હુકમ તારીખથી દિન–૬૦ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** અરજીના ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**૪.** રજિસ્ટ્રારશ્રીએ નકલ આપવા સંબંધે મજુર અદાલત (પધ્ધતિ અને કાર્યરીતી) નિયમો ૧૯૪૭ ના નિયમ–૩૨ મુજબ નિયમો અનુસાર ની કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૭ મી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૦૭/૦૪/૨૦૨૬.
જામનગર.

**(દીલીપ વ્રજલાલ સાવલીયા)**
પ્રિસાઈડીંગ ઓફીસર,
મજુર અદાલત કોર્ટ નં.૨,જામનગર.
**જીજે–૦૧૨૯૮**